દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૧ જૂન, ૨૦૨૬

# આંધી, કમોસમી વરસાદના પૂરથી બચવા પર્યાવરણની જાળવણી કરવી જ પડશે

રાજસ્થાનના જેસલમેરમાં રવિવારે સાંજે ફરીથી રેતીનું વાવાઝોડું આવ્યું. તેનાથી દિવસ દરમિયાન અંધારું છવાઈ ગયું. તેનો વીડિયો પણ સામે આવ્યો છે. આ પહેલા શનિવારે બપોરે 3 વાગ્યે રાજસ્થાનના 5 જિલ્લા શ્રીગંગાનગર, બીકાનેર, ચુરુ, હનુમાનગઢ અને સીકરમાં રેતીનું તોફાન આવ્યું હતું. તેની અસર લગભગ 200 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં રહી. રેતીના તોફાનની શરૂઆત હનુમાનગઢ અને શ્રીગંગાનગરથી થઈ હતી. આ દરમિયાન 56 કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાયું. ઉત્તર પ્રદેશના અમરોહા, લખનૌ, સંભલ, મુરાદાબાદ, હાથરસ, ગોંડા અને બલરામપુરમાં પવન સાથે વરસાદ થયો. લખનઉમાં વરસાદ દરમિયાન દીવાલ પડવાથી 10 વર્ષના બાળકનું મોત થયું. લખીમપુર ખીરીમાં વાવાઝોડાને કારણે દીવાલ ધરાશાયી થવાથી 7 વર્ષના બાળકે જીવ ગુમાવ્યો. પંજાબમાં સવારે લગભગ 4 વાગ્યે ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે એક મકાનની છત ધરાશાયી થઈ. બે સગા ભાઈઓ કાટમાળ નીચે દટાઈ ગયા. બંને ઘાયલ છે. છત્તીસગઢના કોરબામાં શનિવારે વરસાદથી બચવા માટે એક ઝાડ નીચે ઉભેલા 3 યુવકો પર ડાળી પડી ગઈ. ત્રણેયના મોત થઈ ગયા. દેશમાં ઘણાં રાજ્યોમાં આંધી અને વરસાદની સ્થિતિ રહી હતી, તો ઘણાં રાજ્યોમાં તાપમાનનો પારો ઊંચો રહેતા ગરમીથી કોઈ રાહત મળી ન હતી. પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ અને તીવ્ર હવા ફૂંકાઈ હતી. જુદી જુદી ઘટનામાં આ રાજ્યોમાં 26 લોકોનાં મોત થયા હતા. પાટનગર દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ રહેતા ગરમીથી થોડી રાહત મળી હતી. હરિયાણા અને પંજાબમાં પણ તાપમાન ઘટયું હતું. જોકે, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશના ઘણાં વિસ્તારો અસહ્ય તાપમાં શેકાયા હતા. તો બીજી તરફ પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદ પડયો હતો. રાજ્યમાં છ લોકોના વીજળી પડવાથી તો વરસાદના અકસ્માતોથી મોત થયા હતા. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે અલગ અલગ જિલ્લામાં આ ઘટનાઓ બની હતી. રાજ્ય સરકાર મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયાનું વળતર આપ્યું હતું. બિહારમાં પણ વીજળી પડવાથી સાત લોકોનાં મોત થયા હતા. બિહારના સીએમ સમ્રાટ ચૌધરીએ ચાર લાખના વળતરની જાહેરાત કરી હતી. સરકારે વરસાદ અને વીજળીની ચેતવણી હોય ત્યારે બહાર ન નીકળવાની ભલામણ કરી હતી. ઉત્તર પ્રદેશમાં એક તરફ તેજ હવા સાથે ભારે વરસાદ પણ નોંધાયો હતો, તો બીજી તરફ અમુક વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૭ને ડિગ્રીને પાર પહોંચી ગયો. ઉત્તર પ્રદેશમાં આંધી સાથે વરસાદ પડતાં એક મકાનમાં આખો પરિવાર મૃત્યુ પામ્યો હતો. જર્જરિત મકાનમાં ઊંઘ કરી રહેલા બે બાળકો અને તેમની માતા સહિત ચારનો મોત થયા હતા. હમીરપુર જિલ્લામાં બેતવા રિવર પર બની રહેલા બ્રિજમાં કામ કરી રહેલા છ મજૂરોના પણ તેજ હવાના કારણે બાંધકામ પડી જતાં મોત થયા હતા. આ ઘટનામાં એક આસિસ્ટન્ટ એન્જિનિયરને બેદરકારી બદલ તાત્કાલિક સસ્પેન્ડ કરી દેવાયો હતો. સાઈટમાં કામ કરી રહેલા મજૂરોના મોત થયા છે તેમના પરિવારજનોને પાંચ લાખનું વળતર ને ઈજાગ્રસ્તોને 50 હજારનું વળતર આપવાની યુપી સરકારે જાહેરાત કરી હતી. યુપીના જાલૌનમાં પણ બેનાં મોત વરસાદના કારણે થયા હતા. દરમિયાન દેશના અનેક રાજ્યોમાં તાપમાન 45 થી 47 ડિગ્રી રહ્યું હતું. યુપીના જ બાંદામાં દેશનું સૌથી વધુ 47.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો રાજસ્થાનના શ્રીગંગાનગરમાં તાપમાનનો પારો 47.1 ડિગ્રીએ પહોંચી ગયું હતું. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં ગરમીથી રાહત મળી ન હતી, પરંતુ પંજાબ-હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, ઝારખંડ જેવા રાજ્યોમાં વરસાદના કારણે તાપમાન ગગડયું હતું. ઉત્તરાખંડમાં આંધીના કારણે વનવિભાગની પ્રોપર્ટીને નુકસાન થયું હતું. ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. રાજ્યમાં ભારે પવન ફૂંકાતા 30 વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. કમોસમી વરસાદ અને તોફાન એ કુદરતી નથી માનવસર્જીત છે. લોકો ભલે કુદરતી આપત્તિ કહે પરંતુ પર્યાવરણની જાળવણી થતી નથી અને વૃક્ષો આડેધડ કપાઇ રહ્યાં છે. આજ કારણસર અણધારી આફત આવી રહી છે.

# ભગવતીકુમાર શર્માની સ્મરણમુદ્રા




સાહિત્યકાર હોય અને પત્રકાર પણ હોય એવા દાખલા ગુજરાતમાં તો ઘણા છે. મેઘાણી, હરીન્દ્ર દવે, હરકિસન મહેતા, રતિલાલ 'અનિલ' અને ભગવતીકુમાર શર્મા તેનાં યશસ્વી ઉદાહરણો છે. ભગવતીકુમાર શર્મા કવિતા, વાર્તા ઉપરાંત નવલકથા નિબંધ સતત લખતા રહ્યા. પાછલાં વર્ષોમાં આત્મકથા લખી. વિવિધ કોલમ સંપાદકીય જેવા અખબારી લેખન માટે તો તેમની કલમ સતત તત્પર રહી. એમ કહી શકાય કે તેમણે અખબારી કાગળો પર જ જીવનભર લખ્યું અને લખતી વેળા કવિતા, વાર્તા, નાટકનાં અનુવાદો સિવાયનાં સ્વરૂપો સિવાય લખાયું ત્યારે 'ગુજરાતમિત્ર' જ સામે હતું. ભગવતીભાઈની એ કમાલ હતી કે કવિતા યા વાર્તા યા નવલકથા લખતી કલમ અખબારી લેખન મોડે કે તરત તેમની ભાષા, શૈલી બદલાઈ જતાં. એમના લેખક તરીકેના સમયમાં બીજો કોઇ સમય ન હતો જેમાં જૂદા ભાગ પડતાં હોય. આમ છતાં શ્રેષ્ઠ અખબારીલેખનનાં મોટા પુરસ્કારો તેઓ પામ્યા અને વિશેષ તો બહુ મોટો વાચક વર્ગ પામ્યા. જેમણે સાહિત્યનાં લગભગ બધાં જ સ્વરૂપોમાં કામ કર્યું હોય અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી હોય એવા અખબારી ક્ષેત્રનાં નામોમાં ભગવતીભાઇ હમણાં તો છેલ્લા છે. જો સુરતનાં સર્જકોની વાત કરવાની હોય તો પણ નર્મદ, નંદશંકર, નવલરામ, જયોતીન્દ્ર દવે, ચં.ચી. મહેતા, 'મરીઝ', 'ગની' દહીંવાલા, રતિલાલ 'અનિલ', મનહર ચોકસી, જયદેવ શુક્લ, હિમાંશી શેલત અને ઉમરેઠમાં જન્મ પણ સુરતનાં વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને પંચમહાલના પણ સુરતના જયંત પાઠક સહિતનાં નામોમાં એક ભગવતીકુમાર શર્મા છે. ભગવતીકુમાર શર્માની આસપાસ રહી સુરતનાં અનેક સાહિત્યકારોની સર્જનાત્મક પ્રવૃત્તિઓ ખીલી છે. એટલું જ નહિ રાજકીય, સામાજિક, ઔદ્યોગિક કે વ્યાપારી ક્ષેત્રનાં અનેકોએ પણ ભગવતીકુમારનાં સાન્નિધ્યને પોતાના ગૌરવ તરીકે માન્યું છે. આ રીતે સુરતનાં સંસ્કાર વારસાનાં એક કેન્દ્ર ભગવતીકુમાર રહ્યાનું કહી શકાય. જો નર્મદની છે તો ભગવતીભાઈની પણ 'સુરત મુજ ઘાયલ ભૂમિ' છે. 31 મે, 1934માં જન્મેલા ભગવતીકુમાર હરગોવિંદ શર્માને ત્રણ ઠેકાણે જ શોધી શકાય-સુરતનાં શેરી-ચોકમાંથી પસાર થઇ જતાં કોઇ કાર્યક્રમો, સમારંભોમાં, મુશાયરા-કવિ સંમેલનોમાં. 'ગુજરાતમિત્ર' કાર્યાલયમાં યા તેમના અનેક પુસ્તકોનાં પૃષ્ઠોમાં ચોથું છે તે અનેકોનાં મનનાં સ્મૃતિસ્થાન પાંચ સપ્ટેમ્બર 2018ના દિવસથી આ ચોથી રીતે સ્મરવાનું બન્યું છે પણ શું સુરતની શેરીઓને ભગવતીકુમાર શર્મા ન યાદ આવતા હશે?! જે તેમના સંબોધ્યા વિનાનાં રહે છે તે કાર્યક્રમો, મુશાયરાઓનોય ખાલીપો હશે ને! કોઇ જાય તો એકલું જતું નથી પોતાની સાથે પોતાનું રચેલું ઘણું બધું લઇને જાય છે. તો 'અક્ષર આરાધના' આજે તેમની સ્મરણમુદ્રા રૂપે.

# ભગવતીકુમાર શર્મા : બહુઆયામી સર્જક

અક્ષરની આરાધના

સંપાદન: બકુલ ટેલર



જેમને શબ્દ સાથે સાત ભવનું લેણું છે એવા ભગવતીકુમાર શર્મા/ બહુઆયામી સર્જક છે. 13 નવલકથા, 10 વાર્તાસંગ્રહ, 10 થી વધુ કાવ્યસંગ્રહ, આઠ નિબંધસંગ્રહ આવનાર આ સર્જકે પ્રવાસવર્ણન, અનુવાદ, વિવેકા ઉપરાંત આત્મકથા પણ લખી 'સુરત મુજ ઘાયલ ભૂમિ'શીર્ષકથી.' 'નિર્લેમ' ઉપનામે હાસ્યનિબંધો લખ્યા. આ ઉપરાંત 'ગુજરાતમિત્ર' દૈનિકમાં હજારોની સંખ્યામાં લેખ લખ્યા હશે. ગણકઋષિ થયા વગર કહી શકાય કે એમના આયુષ્ય કરતાં એમનાં પુસ્તકોની સંખ્યા ચોક્કસ જ વધારે હશે. ગુજરાતી સાહિત્યક્ષેત્ર જાણીતા તમામ પુરસ્કારો ઉપરાંત કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર 'અસૂર્યલોક' માટે, પત્રકારત્યક્ષેત્રે 'નચિકેતા' પુરસ્કાર મેળવનાર ભગવતીભાઈને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ડી.લિ. ની માનદ પદવી એનાયત કરેલી. ગુજરાતી સાહિત્ય પરિષદના 'સાહિત્યરત્ન'નો પુરસ્કાર પલ આવ્યો છે. શ, સ અને ષ અને સ્પષ્ટપણે ઉચ્ચારી શક્તા આ ઉત્તમ વક્તાને સાંભલીને સુરતીઓને ધાર્યું કેળતો પોતાનું ઉચ્ચારણ સુધારી શક્યા હોત. 'રિક્તા', 'ભીના સમનવયમાં' જેવી લોકપ્રિય નવલકથાઓથી સર્જકયાત્રા આરંભનાર ભગવતીભાઈ 'સમયદ્વીપ'માં પોતાના ધ્રુવપદને પ્રાપ્ત કરે છે. ભગવતીભાઈને આપણે મેઘાણી હરીન્દ્રદવે, હસમુખ ગાંધીના કુળના પત્રકાર કહી શકીએ. એમની તીવ્ર સ્મરણશક્તિ, સંવેદનપટુતા તથા તટસ્થ દષ્ટિકોણથી લખાયેલા તંત્રીલેખો વાંચનારની સ્મૃતિમાં કાયમી સચવાઈ રહે તેવા. સમાંતરે 1975 પછી થોડીક ઉત્તમ ટૂંકી વાર્તાઓ એમની પાસેથી મળી છે. ગઝલ, ગીત અને નિબંધો તેઓ સતત લખતા જ રહ્યા, કુલ 500 જોવી વાર્તાઓ લખનાર ભગવતીભાઈએ દસ વાર્તાસંગ્રહમાં કુલ 214 વાર્તાઓ સમાવી છે. એનો અર્થ એ થાય કે એ પોતાની કૃતિને વિવેચકની નજરે જોઈ કાળની કેડીએ ટકી એક એવી રચનાઓ જ સાચવતા.

એમની કેટલી બધી વાર્તાઓમાં 'અસૂર્યલોક'ની જેમ જ ઝાંખી થતી જતી દષ્ટિની વાત થઈ છે. પત્નીનું મૃત્યુ કે ઘર દોકવાની લાચારી કવિતાઅને વાર્તા બંને સ્વરૂપે વ્યક્ત થઈ. એમની 'રસ્તાની સામી બાજુએ', 'નામ', 'અનાગત', 'દાતરડું' જેવી લગ્નોતર સંબંધની વિશિષ્ટ વાર્તાઓ છે. નોકરી અને ઘર વચ્ચે આવાતી બે મોરચે લડીને પાકની, હતારા થતી સ્ત્રીની માનસિક મંત્રણા તેઓ યંત્રવત' અને 'સૂનકાર' વાર્તામાં આલેખે છે. પત્નીની કમાણી પર પ્રવતા નમાલા પુરૂષો શંકા' અને 'દોઢકલાક ' વાર્તામાં છે પણ બંને વાર્તા એકબીજાથી સાવ જૂઈ છે.

પિતા સામવેદના પંડિત, જમદેવ શુકલ અને કપિલદેવ શુકલના પિતા યજુર્વેદના પંડિત, ઘરની એક દીવાલે શાસ્ત્રીય સંગીતના નિષ્ણાંત મહાદેવ શાસ્ત્રીનું કુટુંબ વસે. સવારથી રાત સુધી સૂર, તાલ, લય, છાંદસ મઠનનો સાથ રહેતો. ભગવતીભાઈ કહેતા : 'સંગીત શબ્દ તથા અન્યકળાઓ પ્રત્યેની અભિરૂચિ પાછળ માહિલતો , સિંહફાળો, તે ઉપરાંત હિંદુ મિલન મંદિરની શાખા તથા એની બેસન્ટ હીલમાં થતાં વ્યાખ્યાનો, નાટક, મુશાયરા, સંગીતના કાર્યક્રમો. ઉપરાંત બીજું કેટલુ મારી અંદર ઉમેરાતું ગયું. મારો લય પાક્કો, છંદ સાફ તેમાં નાનપણમાં કાને પડેલ સૂર - તાલ, વેદગાનનો ફાળો...

'સમયદ્વીપ' જેવી કલાત્મક નવલકથા લખનાર ભગવતીભાઈ પોતાની નવલકથાઓ સંદર્ભે લખે છેઃ 'હું હરગોવિંદ શર્માનો પુત્ર ન હેળતો ' 'સમયદ્વીપ' ન લખી હોત. એનો નાયક નીલકંઠ ઘણે અંશે હુંજ છું. એ નાયકની દ્વિધાઓ, એના આંતરસંવેદનાઓ મારી પણ છે.' 'પડછાયા સંગપ્રીત' નો દર્શન, 'વ્યક્ત મધ્ય ' નો પ્રથમેશ, 'સમયદ્વીપ'નો

શરીફા વીજળીવાળા

નીલકંઠ, 'અસૂર્યલોક'નો તિલક પણ લગભગ હું જ છું.' મને એવું એટલા મળે લાગે છે કે વિધિનિષેદો, સ્પર્શાસ્પશ, યમનિયમોના જેટલામાં હું છીંડા પાડતો જતો હતો. ક્રિયાકાંડ અને વિધિનિષેધોમાંથી પણ હું મુક્ત થતો જતો હતો. મોકતારા અને નિષાદ બંનેનો અનુભવ હું કરતો હતો એ અર્થમાં નીલકંઠમાં હું મને જોઉં છું. બાકીના તમામ નાયક માટી જેમ લઘુતાગ્રંથિથી પીડાય છે, હતાશ થાય છે, કહેનું હોયને કહી કહી શક્તા નથી મનમાં મુંઝાયા કરે છે. પ્રકુતિએ તમામ મારા જેવા છે.

2015માં મારી સાથેની વાતચીતમાં ભગવતીભાઈએ સાહિત્યિક વાતાવરણ વિશે આવું કહેલુંઃ 'આજે વાતાવરણ સાવ જ વગડી ગયું છે. નરી જૂથબંધી નજરે ચડે છે. સાહિત્ય જેવા પવિત્ર ક્ષેત્રમાં જે કંઈ ચાલી રહ્યુ છે તે જોઈને ગ્લાનિ થાય છે..... સમગ્ર સર્જકીય આબોહવા વગડી ગઈ છે. આજે બધાને તરત સ્થાપિત થઈ જવું છે, જાણીતા થઈ જવું છે. અમારા સમયમાં તપશ્વર્યાનું માહત્કમ હતું. આજે તો લખાયું ને તરત છપાયું. બધું જાણે કે ઈન્સફન્ટ થઈ ગયું છે. કસોટી જેવું કંઈ રહ્યું જ નથી સર્જક માટે પરીક્ષા આપ્યા પહેલાં જ પાસ કરી દેનારા ચોપાસ છે. સમગ્ર વાતાવરણ અકમાવનારું છે.

**પરિષદ પ્રમુખ તરીકે કેવી વ્યક્તિ હોવી જોઇએ?**

એવા પ્રશ્નના જવાબમાં એમણે કહ્યું હતું કેઃ પ્રમુખ થનારી વ્યક્તિમાં પાયાની પાત્રતા તો હોવી જ જોઈએ. હવે તો શુદ્ધ અર્થમા જૂથબંધીજ દેખાય છે. હું સ્પષ્ટપણે માનું છું કે પરિષદ પ્રમુખ થવા માટે સાહિત્યિક , સિવાયના માપદંડહોઈ શકે જ નહીં.

ગઝલના મક્કા ગણાતા સુરતમાં બેસીને ભગવતીભાઈએ ગઝલની ચિંતા કરી છે. એમણે લખ્યું છે કે 'ગઝલને બધાએ બહુ સરળ સ્વરૂપ માનીલીધું. પરિણામે સૂંઠને ગાંગડે બહુ બધા લોકો ગાંધીથઈ ગયા. આ માર્મિક સાહિત્યપ્રકાર છે. જરા ઉર્દનો સ્પર્શ , છંદો સફાઇ, શેરિયત આ બધાનું મહત્વ ન પ્રમાણના ગઝલન સ્વરૂપની શક્યતા ક્યાંથી લાગી શકવાનો ? ગઝલલેપન નર્યો વ્યાયમ કે હથોટી ન બની જાય તેની ચિંતા તો કરવી જ પડે. તેની આભાસી સરળતાના સુવર્ણમૃગથી લોભાઇને કે મુશાયરાની લોકપ્રિયતા પાછળ દોડીએ તો મોટી હાણ ગઝલની જ થાય...' મેળાની વાર્તાનવલકથા વિશે ભગવતીભાઈ નમ્રતાપુર્વક કહે છેઃ હું સતત છેકભૂસ કરનારો, મથામણ કરનારો માણસ છું. જાતે જ ઘડાયેલો માણસ છું. મારા સર્જન વિશે હું કોઈ ભ્રમમાં નથી. મારી મર્યાદાઓને ઓળખીને, હું એમાંથી પણ ઘણું શીખ્યો છું. હું રાતોરાત સિદ્ધહસ્ત લેખક નથી થયો. મારી 'ભીના સમયવન નવલકથાને આજે હું કેન્સલ જ કરું. 'આરતી અને અંગારા' માં કૃતક્તા પ્રવેશી છે. 'નિવિર્કલા' હથોતીની નીપજ છે. એટલે હું મારી મર્યાદાઓ પ્રત્યે સમ્પન છું.

કોઈ સર્જક અળવું કબૂલે એના માટે આપોઆપ જ માન થાય.

## હું પૂછું, તમે કહો

***ભગવતીકુમાર શર્માની કલમ ક્યારેય થંભી નથી. સર્જનાત્મક લેખન અને અખબારી લેખનમાં સદા પ્રવૃત્ત રહ્યા. 14 નવલકથા, 10 નિબંધસંગ્રહ, 11 વાર્તાસંગ્રહ, 12 કાવ્યસંગ્રહ અને તે ઉપરાંત નાટકના અનુવાદ, સ્મૃતિકથા, પત્રકારમાંથી નિપજેલા બે ગ્રંથો તેમના પર એક દસ્તાવેજી ફિલ્મ પણ બની છે. તો જવાબ આપો. આ પાંચ પ્રશ્નોનો.***

**1. તિલક નામનું પાત્ર જે ભગવતીકુમાર શર્માના વ્યક્તિત્વનું સગોત્ર છે તે તેમની કઇ નવલકથાનું પાત્ર છે?**
ક. અસૂર્યલોક ખ. મન નહિ માને
ગ. આરતી અને અંગારા ઘ. કંઇ યાદ નથી

**2. ભગવતીકુમાર શર્માની સ્મૃતિકથાનું શીર્ષક કયા 'સુરત મુજ ઘાયલ ભૂમિ' કયા કવિની કવિતાની પંક્તિ છે?**
ક. ગની દહીંવાલા ખ. જયંત પાઠક
ગ. નર્મદ ઘ. મનહરલાલ ચોકસી

**3.ભગવતીકુમારનાં હરિગીતોનું સ્વરાંકન મૂળ સુરતના જ એક સ્વરકારે કર્યું છે? એ સ્વરકાર કોણ?**
ક. મેહુલ સુરતી ખ. કંચનલાલ મામાવાળા
ગ. અમન લેખડિયા ઘ. સોલી કાપડિયા

**4. ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના પ્રથમ ભાગના પ્રકાશનની શતાબ્દીએ પ્રગટ થયેલી ભગવતીકુમારની એ નવલકથા કઇ કે જેમાં તેમના આત્મકથનનાં પ્રસંગ, પીડા પણ ભળી ગયાં છે?**
ક. ભીના સમયવનમાં ખ. વીતી જશે આ રાત?
ગ. વ્યર્થ ક્કકો, છળ બારાખડી ઘ. અસૂર્યલોક

**5. 'ગુજરાતમિત્ર'ની રવિવારીય પૂર્તિમાં આજકાલનાં અક્ષાંશ રેખાંશ કોલમ લખનાર ભગવતીકુમાર શર્માએ વર્ષો સુધી જે દૈનિક વ્યંગ્ય કોલમ લખી તે કયા ઉપનામ હેઠળ લખી?**
ક. નિર્લેપ ખ. નીલકંઠ
ગ. પ્રસન્ન ઘ. મિત્ર

**જવાબો**
1. ક - અસૂર્યલોક 2. ગ - નર્મદ 3. ઘ - સોલી કાપડિયા
4. ઘ - અસૂર્યલોક 5. ક - નિર્લેપ

## ભગવતીકુમાર શર્મા, ગુજરાત અને ગુજરાતી ભાષાનું ઘરેણું

# સાહિત્ય અને પત્રકારિત્વ ક્ષેત્રે ઉચ્ચ માપદંડો સ્થાપિત કરનાર એક એવી હસ્તી, જેમની સમકક્ષ આજે કોઇ નથી

**ડૉ. મુકુલ ચોકસી**

આ ક્ષણો પછીથી નહીં રહે, ન સુવાસ ફોરશે શ્વાસમાં ચલો સંગ થોડુંક ચાલીએ, આ સમયના દીર્ઘ પ્રવાસમાં જીવનની ક્ષણભંગુરતાના અહેસાસને નાનકડા સંબંધ અને સહપ્રવાસ દ્વારા અતિક્રમી જવાની વાત કરનાર આ કવી નખશિખ સૌમ્યતા અને સહજતાના માણસ હતા. તેમણે જ લખ્યું છે :

*'' મળ્યો રાતવાસો આ ધ્રૂવના પ્રદેશે*
*હતા આપણા સાવ તડકાના માણસ''*

સોનિફળિયા આમલીરાનના તેમના ઘરે જીર્ણ લાયબ્રેરીમાં બિરાજતું વિશ્વસાહિત્ય તેમના આંખ કાન હતા.

*''તોય પહોંચી શક્યો હું ન શર્મા સુધી''*
*આવું લખનાર કવિ એમ પણ ગાતો હતો કે*
*'' મારે રૂદિયે બે મંજીરા*
*એક જુનાગઢનો મેહતો*
*ને બીજી મેવાદ ની મીરા*
*મારે રૂદિયે વે મંજીરા''*

અચાનક રાત્રે કોઈ મોટી રાષ્ટ્રીય સ્ત્રિનું નિધન થાય તો તત્ક્ષણ પ્રેસ પર જઈને કોઈ રેફરન્સબુક વગર સાદ્યંતસુંદર એડિટોરિયલ લખનાર ભગવતીકુમાર જેવા કેટલા પત્રકારો હશે? તેમના લાકડાના જીર્નશીર્ણ દાદરો ચડીને, કાષ્ટના ઊંબરા ઓળંગીને જૂના ખાટલા પર સામાન્ય અસ્તવ્યસ્ત પુરાણા પુસ્તકો વચ્ચે જીવનાર આ વ્યક્તિવિશેષને મળવા તલત મહેમૂદ, શૂન્ય પાલનપુરી, મનહર ઉધાસ, ગુણવંત શાહ, માર્ક તુલી, મોરારી બાપુ કે ગુજરાતના મુખ્યમંત્રી આવે તો એમને સદૈવ નિસ્પૃહ મળકા સાથે આવકારનાર વ્યક્તિત્વો બહુ જૂજ જોવા મળશે.

આદરણીય વડાપ્રધાનનો જ્યારે પહેલીવાર શપથવિધિ થયો ત્યારે ખાસ સમારંભમાં હાજર રહેલા દિલ્હી બોલાવાયેલા વિશેષ નિમંત્રિતોમાંના એક, સરકારની આલોચના કરતા ય અચકાતા નહોતા.

*''વગડો વીંધીને આવી વસ્યો મારે છાતીએ*
*વાદળ અભાવના વળી ઘનઘોર છાતીએ*
*શૂળી ઉપરજીવું છું ને લંબાતો હાથ છું''*

ખીલા જડો તો એક જડો ઓર છાતીએ

તીવ્ર સંવેદના, અભાવ અને યાતનાને વારંવાર શબ્દસ્થ કરતા ભગવતીકુમાર પ્રખર સામવેદી પિતાના પુત્ર હતાં, પણ તેઓ 'સમવેદના' કવિ હતાં.

વ્યાકરણ અને ઉચ્ચારણ શુધ્ધીમાં અવ્વલ ભગવતીકુમારને સાંભળીએ ત્યારે ખબર પડે કે ક્યા સ્વર, વ્યંજન કે મુળાક્ષર પર કેટલું વજન આપવું! તેઓ ભલે જીવનના ઘણા વર્ષો પથારીવશ સુધા પણ ભાષા તેમને વશ હતી. શબ્દના આજીવન ઉપાસક મહારથી જ તેમના પોતાના વિષે તદન વિપરિત વાત લખી શકેઃ

*''અશબ્દ વાવ છુ, પડઘાથી ગૂંગળાઇ જઇશ''*

સમયદ્વીપ, ઉર્ધ્વમૂલ અને અસૂચલોક જેવી નવલકથાત્રયી લખીને આમૂતપૂર્વ ઊંચાઇ

**સિધ્ધ કરનાર શર્માજીને આજે શત શત વંદનઃ** તેમની ચીરસ્મૃતિને પ્રણામ.

## અઢી અક્ષરનું ચોમાસું, ને બે અક્ષરનાં અમે

*અઢી અક્ષરનું ચોમાસું, ને બે અક્ષરનાં અમે*
*ખોટ પડી અડધા અક્ષરની, પૂરી કરજો તમે!*
*ત્રણ અક્ષરના આકાશે આ બે અક્ષરની વીજ*
*બે અક્ષરનો મોર છેડતો સાત અક્ષરની ચીજ*
*ચાર અક્ષરની ઝરમર ઝીલતાં રૂંવાડાં સમસમે*
*ખોટ પડી અડધા અક્ષરની, પૂરી કરજો તમે !*
*ચાર અક્ષરનાં ધોધમારમાં છલબલ આપણાં ફળિયાં*
*આંખમાં આવ્યાં પાંચ અક્ષરનાં ગળાબૂડ ઝળઝળિયાં!*
*ત્રણ અક્ષરનું કાળજું કહો ને, ઘાવ કેટલા તમે?*
*ખોટ પડી અડધા અક્ષરની, પૂરી કરજો તમે!*
*પાંચ અક્ષરનો મેઘાડંબર, બે અક્ષરનો મેહ*
*અઢી અક્ષરનાં ભાગ્યમાં લખિયો અઢી અક્ષરનો વ્રેહ!*
*અડધા અક્ષરનો તાળો જો મળે, તો સઘળું ગમે*
*ખોટ પડી અડધા અક્ષરની, પૂરી કરજો તમે!*

***ભગવતીકુમાર શર્મા***

## વચન

*નવલકથા લખતી વેળા અને આમ કહો તો વાર્તા, નિબંધમાં પણ તેના સર્જક ચિંતનની કોઇ આગવી, વિલક્ષણ ક્ષણમાં પહોંચી જાય છે. ક્યારેક કોઇ પાત્રના મનોમંથન નિમિત્તે, સંજોગોના કોઇ સંઘર્ષ બિન્દુએ. એવું શક્ય છે કે અમુક ચિંતનની ક્ષણો માત્ર આ રીતે જ પ્રાપ્ત થાય. ભગવતીકુમારની ત્રણ નવલકથામાંથી એ રીતે તરી આવેલી ચિંતનકણિકાઓ અહીં મૂકી છે. આ એવી કણિકાઓ છે જેને સ્વતંત્ર રીતે પણ વાંચી શકો.*

સત્યનાં અનેક પરિમાણ હોય છે ક્ષમા, એના એકાદ પરિમાણની ઝાંખી કરી લેવાથી તો સત્ય વધારે બિહામણું લાગે છે. સત્યની સાપેક્ષતા વિશે તું કયાં નથી જાણતી? ટકોરાબંધ સત્ય ચીંધી બતાવવું એ કેટલું મુશ્કેલ છે! બલકે અશક્ય જ!
**ઊર્ધ્વમૂલ-પૃષ્ઠ 147**

પૃથ્વીના ગર્ભમાં થતી અનેક ભૂસ્તરીય ગતિવિધિઓ પૃથ્વી ઉપર ઝળૂંબતા આકાશી તત્ત્વોની રમણા, માણસનો પોપડો બંધાયો છે. એય કાંઇ સ્થાયી નથી. પરિવર્તન થતાં જ રહે છે.
**ઊર્ધ્વમૂલ પૃષ્ઠ 296**

પરિચિત ચહેરો,
અલ્પપરિચિત ચહેરાઓ,
સાવ અજાણ્યો ચહેરો,
અમૂર્ત ચહેરાઓ, પરસ્પરમાં
ભળી જતા એકમેક કાપતા
ચહેરાઓ, પછી ધીમે ધીમે
બધા ચહેરાઓ વિલીન થઇ
જાય છે. બંધ આંખોનો પટ
ખાલી ખમ્મ.
**ઊર્ધ્વમૂલ- પૃષ્ઠ 133**

મારા પછી તમે આ ગ્રંથભંડારને જાળવશો, તેના સદુપયોગની વ્યવસ્થા કરશો તો તમે મારી જ સેવા કરી ગણાશે દીકરાઓ! હું અંધ છું, પુસ્તકો મૂંગાં છે, પણ તે તમને દૃષ્ટિ, વાણી, શીલ બધું જ આપશે.
**અસૂર્યલોક પૃષ્ઠ 75**

પોતાના અંશથી વિખૂટા પડવું તે જો દરેક માણસની નિયતિ હોય તો તેનો આટલો વલોપાત શા માટે?
**અસૂર્યલોક પૃષ્ઠ - 261**

સિમ્પથીની તો કદાચ દરેક જણને જરૂર છે- સુખીમાં સુખી માનતા માણસને પણ.
**સમયદ્વીપ પૃષ્ઠ 68**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## કર ભલા હોગા ભલા, આપ ભલા તો જગ ભલા

આ જીવનમાં દરેક વ્યક્તિ પોતાનું ભલું થાય એવું ઈચ્છે છે અને તે માટે પૂરતી મહેનત પણ કરે છે. સવારથી રાત્રી સુધી વિવિધ જાતનો પુરુષાર્થ કરે છે. મોટે ભાગે પુરુષો દુકાન, ઓફીસ અને જોબ દ્વારા પૈસા કમાવાનો પુરુષાર્થ કરે છે. આજકાલ ઘણી બહેનો પણ રૂપિયા માટે ઘણા કલાકની જોબ કરે છે. કમાણીના આ બધા રૂપિયા પ્રાપ્ત કર્યા પછી રોજિંદા જીવનવ્યવહારમાં, ઘરખર્ચમાં મોટે ભાગે વપરાઈ છે. જીવનજરૂરી વસ્તુ લાવીને પરિવારની ભલાઈ માટે રૂપિયા વપરાય છે. જરૂર કરતાં વધુ પૈસા આવે તો ભવિષ્યમાં પોતાની ભલાઈ માટે કામ આવશે, એમ કરીને પરિવારના નામે બચત કરે છે. બેંકમાં એફ.ડી. મૂકે છે. પોસ્ટમાં રોકાણ કરે છે. કોઈકને વ્યાજે આપે છે વિગેરે. પણ દવાની સાથે પણ જૈન શાસ્ત્રકારો, હિંદુ સંતો અને અન્ય ધર્મમાં પણ ભલાઈની વિશેષ વ્યાખ્યા કરતાં કહ્યું છે કે પોતાના તન, મન અને ધનથી નાની મોટી બીજાની ભલાઈ કરવી જોઈએ તો એ ભલાઈના આશીર્વાદ અને દુઆથી આપનારનું દાતારનું અચૂક ભલું થાય છે. પૈસાદારો ધર્મમાં, માનવતામાં, સંસ્થામાં, ગુરુદેવો માટે મંદિર વિ.માં મોટા દાન કરે છે. ભલું કામ કરે છે, જ્યારે સામાન્ય માણસ પણ ભિક્ષુક ભોજન, પુસ્તક સહાય, હોસ્પિટલ ફ્રુટ વિતરણ, અનાથાશ્રમ મદદ, નારીસહાય, વસ્ત્રદાન, ઘર, દવાકીય મદદ આદિ દ્વારા નાની મોટી ભલાઈનાં કામ કરી પોતાનું ભલું થવાના આશીર્વાદ મેળવી લે છે. તેથી પ્રભુ કહે છે કે તું ભલું બીજાનું કરશે, તો બદલામાં તારું અચૂક ભલું થશે. તું પોતે ભલો થશે તો જગત તારી સાથે ભલાઈથી વર્તશે. ગમ્મતમાં કહીએ તો ભલાઈ આપશે તને જીવનમાં લાભની મલાઈ.

**સુરત - દીપકભાઈ મો. ટાંકલવાલા**

## નાના ખભે દેશભક્તિ

દિનાંક 11 ના આ શીર્ષકવાળું, બાળકોમાં રાષ્ટ્રભક્તિ વિશેનું ચર્ચાપત્ર વાંચી એક નવલકથાના પાત્રના શબ્દોનું સ્મરણ થઈ આવ્યું. તેને જ્યારે ભારતના નકશા વિશે આટલી વિસ્તૃત જાણકારી કઇ રીતે છે? આ પ્રશ્ન તેના સીનિયર અધિકારી પૂછે છે ત્યારે તે પ્રત્યુત્તર આપતા ગર્વથી જણાવે છે કે નર્સરીમાં ભણતાં બીજાં બાળકો જ્યારે ફળ કે પ્રાણીઓનાં ચિત્ર દોરવાનું શીખતાં હતાં ત્યારે મારા પિતા મને ભારતનો નકશો દોરવાનું શીખવતા હતા. એ પુસ્તક છે, કાઉન્ટર ટેરરીઝમ પર, પ્રભાકર આલોક નામના લેખકનુ લખેલું "ઓપરેશન હયગ્રીવ" નામના પુસ્તકમાં આવે છે. ભગવાન વિષ્ણુના આ હય એટલે કે અશ્વ (ઘોડો) અને ગ્રીવ એટલે કે ગ્રીવા (ડોકી) હયગ્રીવ અવતાર. એક દૈત્યને મારવા તેના જેવા જ બનવા, આવો અવતાર તેઓ લે છે. એ પુસ્તકનો સારાંશ પણ કંઇક એવો જ છે. આ વાત વાસ્તવિક પણ હોઈ શકે. એનું જો દૃષ્ટાંત જોવું હોય તો આપણા દક્ષિણ ગુજરાતમાં જ આવેલી 1. સેલવાસના રાંધા અને 1. ઉભરાટ માં આવેલ સૈનિક સ્કૂલ છે. દેશભરમાં આવી ચાલીશથી વધારે સ્કૂલો છે. જેમાંની એક તો ઇ. વિ. 1970 થી જમ્મુ પાસે આવેલ "નગરોટા" નામના શહેરમાં છે. સદ્ભાગ્યે ધોરણ છ માં એડમિશન લેતાં નાનાં નાનાં ભૂલકાંઓને જોવાનો અવસર મળેલો. વિચારતો હતો આ સેન્ટીમિટરમાં મપાતા આ "કેટેડો" કાળાનુક્રમે મદ્રાસની એ "ઓટીએ" કે પછી દેહરાદૂન ની "આઈએમએ" ના જેન્ટલ કેડેટ બનશે અને કાં ના કાં એ ભારતીય સેનાના જાંબાઝ સિપાહી બની ભારત વર્ષના શૌર્યનું વિશ્વમાં પ્રતીક બનશે. મિત્રો, આનંદની વાત છે, આપણા "છોકરા - છોકરીઓ" પણ હવે આમાં આવતાં થયાં છે.

**સુરત -ચેતન સુશીલ જોષી**

## સુખનો ઉજાસ

આજનો માનવી ટેકનોક્રેટ, AI યુગમાં જીવતો થઇ ગયો છે. એટલે ખુલીને - ખુશી જીવી શકતો નથી. આજની સ્ટ્રેસફુલ જીવનશૈલીમાં દરેક વ્યક્તિને માનસિક શારીરિક થાક લાગતો હોય છે. પોતાના સ્વાસ્થ્યની કાળજી-કૌટુંબિક જવાબદારી - લીમીટેડ નાણાંકીય આવક વિ. પણ બધી અગમ્ય પરિસ્થિતિ વચ્ચે પણ માનવીએ મજબૂત મનોબળ કેળવવું જરૂરી છે. સંપત્તિ-શરીર કે સગાંવહાલાં, સાથ (વિકટ સમયમાં) ન આપે તો પણ ધીરજપૂર્વક સમજદારીથી નિર્ણય લેવો ખૂબ જ આવશ્યક છે. આજે માનવી અનેક સુવિધા વચ્ચે પણ એકલતા મહેસૂસ કરતો હોય છે. જે તેના સુખના ઉજાસને ઝાંખો કરી દેતો હોય છે. આ વિઘ્ન દૂર કરવા, વ્યક્તિને પોતાનો શોખ જેવી કે સંગીતકળા-વાદ્યકળા-ચિત્રકળા - કે સમાજસેવાનો શોખ રાખવો છુટી છે, જે તને એકલતાના આવરણથી દૂર રાખી, સુખનો ઉજાસ અનુભવ કરાવે છે.

**સુરત - દીપક બી. દલાલ**

## ગેસ બિલ બે મહિને નહીં દર મહિને આવવું જોઈએ

2006 માં સુરતમાં આવેલાં પૂર વખતે ગુજરાત ગેસ કંપનીએ ગ્રાહકોને ગેસનો પુરવઠો ચાલુ રાખ્યો હતો તે બદલ નોંધ લેવાઈ હતી તે બરાબર છે પરંતુ ગુજરાત ગેસ કંપની રેલ ભરાઈ હતી તેવા વિસ્તારોમાં પણ ગેસ પુરવઠો પૂરો પાડ્યો હતો તો તેમાં તેણે કોઈ ધાડ મારી નથી. ગેસ સપ્લાય રાબેતા મુજબ ચાલુ રાખવામાં ગુજરાત ગેસ કંપનીએ કોઈ પણ જાતની જેહમત ઉઠાવવી પડી ન હતી કારણ કે પાણીની નીચેથી કોઈ પાઇપ ફાટે અને ગેસ લીકેજ થાય તો એવા સમયે ગુજરાત ગેસ કંપની કોઈ પણ કામ કરી શકવાની સ્થિતિમાં ના હોય તે દેખીતી વાત છે. ચાલુ સર્વિસને પૂર આવતાં ચાલુ રાખવી એ કોઈ ધાડ મારવાની વાત નથી અને બીજું કે રીડિંગ લેવા ન આવે અને બિલ ના આવવાની ફરિયાદ ગુજરાત ગેસ કંપનીને કરવી જોઇએ અને બિલ બે મહિને નહીં પરંતુ દર મહિને આવવું જોઈએ જેથી નાનાં ગ્રાહકોને બીલ ભરવામાં સરળતા રહે.

**સુરત - વિજય તુઈવાલા**

## કોઠા લડાવવાની ગેમ

સામાન્ય રીતે કોઠા આપણે સૌ કોઈ જાણીએ છીએ જે એક બહારથી કઠણ ફળ છે. જેની અંદર ખાટ્ટો માવો હોય છે. જો કે આ સામાન્ય દેખાતા કોઠા આપણા સ્વાસ્થ્યને ઘણી રીતે ફાયદો કરે છે. કોઠાને અંગ્રેજીમાં વુડ એપ્પલ કહેવામાં આવે છે, કોઠાં એવું જ એક ફળ છે જેનું ઝાડ વધારે મહેનત કરાવ્યા વગર આપમેળે ફલિત થાય છે. કોઠાંના કાચા ફળમાં પાકા ફળની સરખામણીમાં વિટામિન સી અને અન્ય ફ્રુટ એસિડની માત્રા વધારે હોય છે. તેના બીજમાં પ્રોટીન વધારે માત્રામાં હોય છે. તેના બીજમાં દરેક જરૂરી મિનરલ્સ મળી આવે છે. તેના ગરભમાં કાર્બોહાઈડ્રેટ અને ફાઈબર હોય છે. વિટામિન સી સહિત આયરન, કેલ્શિયમ, ફોસ્ફરસ અને ઝીંક પણ તેમાં મળી આવે છે. આ સાથે જ કોઠાં વિટામિન બી 12 સારી માત્રામાં જોવા મળે છે. અમારે ત્યાં સલાબતપુરાની ગુજરાતી શાળા પાસે ૮૦ના દાયકામાં ઉનાળા વેકેશનમાં કોઠા લડાવવાની રમત રમાતી હતી. આ રમતમાં એક છોકરો હાથમાં કોઠું પકડે અને બીજો છોકરો કોઠાથી ઘા કરે,જો કોઠું ફાટી જાય તો પહેલા છોકરાનું કોઠું મારનાર બીજા છોકરાને મળે અને કોઠું નહિ ફાટે તો એ કોઠું પહેલા છોકરાનું થાય. અમુક છોકરાઓની કોઠા લડાવવાની રમતમાં માસ્ટરી હતી. અંતે થેલી ભરીને કોઠા જીતી જતા.

**સુરત - કિરીટ મેઘાવાલા**

## અંતરાળ વિસ્તારની કાયાપલટ કરવી જરૂરી

શહેરોમાં બધું સરળતાથી પ્રાપ્ત થઈ શકે અને એટલે જ ગામડાંમાંથી લોકો શહેરોમાં આવે છે. શિક્ષણ, આરોગ્ય અને સરકારી સુવિધા દેશના દરેક ગામડામાં ઉપલબ્ધ કરાવવી જોઈએ.

તાજેતરમાં 'ગુજરાતમિત્ર' વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ સમાચાર મુજબ જંગલ વિસ્તારમાં પરિવહનની ખરાબ વ્યવસ્થાના કારણે છત્તીસગઢના અંતરાળ વિસ્તારની મહિલા બેંકમાંથી પેન્શન ઉપાડવા સાસુને પીઠ પર ઊંચકી 9કિ. મી. સુધી ચાલે છે. અંતરાળ ગામડામાં ચૂંટણી સમયે એક મતદાર હોય તો પણ આખું મતદાન મથક ઊભું કરવામાં આવે છે તો આ પ્રકારની તમામ સરકારી સેવાઓ માટે જંગલ અંતરાળ વિસ્તારમાં વ્યવસ્થા શરૂ કરવી જોઈએ. ગામડાંનો વિકાસ થશે તો શહેર તરફની દોટ ઓછી થશે. દેશની જીવાદોરી ગામડાં ઉપર જ છે. ગામડાંનાં લોકો ખેતી અને પશુપાલન વ્યવસાય પર જીવન ગુજારતાં હોય છે ત્યારે ગ્રામ્ય કક્ષાએ તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ.

**સુરત - ચંદ્રકાંત રાણા**